ફોજદારી કેસ નં.૯૬૮૦૩/૨૦૨૬

## // આંક–૦૧ લગત હુકમ //

અરજદારની આંક–૦૩ થી રજુ પુરસીસ વંચાણે લીધી. ફરીયાદી તેમજ આરોપીને સાંભળ્યા.

સદર કામે હાલના કામના આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૦૩(૨) મુજબની ચાર્જશીટ કરવામાં આવેલ છે. હાલના કામે સબબ કામના ફરીયાદીનાઓ અદાલત સમક્ષ હાજર છે. તેમજ હાલના કામે તેઓએ હાલની પુરસીસ અદાલત સમક્ષ રજુ કરી સદર કેસ આગળ ચલાવવો નથી તેથી તેઓનો કેસ વિડ્રો કરતા હોવાનું જણાવી સદર કામ ફેસલ કરવા અરજ કરેલ છે.

સદર કામના અરજદારની સદર પુરસીસ તેમની મુકત સમંતીથી રજુ કરેલ છે કે કેમ તે અંગે ખાતરી કરતા અરજદારપક્ષ જણાવે છે કે, તઓ સ્વેચ્છાપુર્વક અને કોઈ પણ પ્રકારના જોર દબાણ વગર આ પુરસીસ આજરોજ અદાલતમાં રજુ કરેલ છે. તેથી સદર પુરસીસ રેકર્ડમાં સામેલ કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

**(૧)** સબબ કામના આરોપીને ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૦૩(૨) ના ગુન્હા સબબ નિર્દોષ ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કામે કબ્જે કરેલ મુદ્દામાલનો ધારાધોરણસર ખરાઈ કરી ખરા માલીકને પરત સોપવા હુકમ કરવામાં આવે છે.

અમદાવાદ શહેર.
તા.૧૪/૦૩/૨૦૨૬

**(એસ. એન. કુલકર્ણી)**
૪૩ માં એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ શહેર.
કોડ નં.જીજે–૦૧૩૯૪.